ભગવાન શ્રી મહાવીર સ્વામીનાં ૨૬૦૦માં જન્મ કલ્યાણક વિશેષાંક

વર્ષ : ૩ અંક : ૧૯ સળંગ અંક : ૧૨૭(અ) Tech/47-198/MBI/2001



જૈનો જાગો - જ્ઞાન-સ્વભાવ

નવી શ્રેણી

સ્વરૂપ સ્વભાવે - મુક્તિ પ્રભાવે

શ્રી મહાવીર સ્વામી ભગવાનના
શાસનને સમર્પિત

# ગુર્જરમાત

તા. ૬ એપ્રિલ ૨૦૦૧ ● પાનાં - ૪
● કિંમત : જિનશસાસન ભક્તિ

**હું કોઈ ગચ્છમાં નથી - હું કોઈ મતમાં નથી - હું કોઈ પંથમાં નથી - હું કોઈ વાદમાં નથી - હું એક માત્ર શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલાં-અને સ્થાપેલાં અનેકાંતવાદમાં છું.**

## પ્રભુવીર બનીને આવ્યાં, મહાવીર બનીને જીવ્યાં, મન જીતીને – જગને જીરવ્યું, મતિ બાળીને – જગને ઉજાળ્યું.

**આજથી ૨૬૦૦ વર્ષ પૂર્વે વર્ધમાનક્ષેત્રનાં અનંતા-અનંત બાળજીવો આત્મકલ્યાણ કરે – આત્મકલ્યાણ પામે અને આત્મકલ્યાણી બનીને – સર્વ સમયથી ભવભ્રમણ ટાળીને – ભવમુક્તિ (મોક્ષ) પામે એવી અત્યંત્ય નિષ્કામ-કરૂણાં દ્રષ્ટિનાં ભાવ ભાવીને – ભાવ ધારણ કરીને – અનંત ઉપકારી – પરોપકારી – પરમ ઉપકારી – તરણતારી – અવિચલધારી ચરમસિમાનાં ચિન્હે – અંતિમ તિર્થંકર – દિવ્યાત્માંએ જન્મ ધારણ કર્યો**

જેમને આપણે ત્રિલોક પ્રકાશક – ત્રિલોકનાં નાથ – પતિતોને પાવન કરનાર **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન** કહીએ છીએ.

"કે"

"જેમણે માતાની કુક્ષીમાં જ અજ્ઞાન અવરોધો ટાળેલાં હતાં,

"અને"

જન્મથી જ અજ્ઞાન રહિત બનેલાં અને પામેલાં હતાં".

"બાળજીવો માટે"

મુક્તિ અને મુક્તિનો માર્ગ કેટલો દુર્લભ-દુશ્કર અને મુશ્કેલ છે, તેનું ભાન અને જ્ઞાન જાણીને – બાળજીવો સરળતાંએ – સુલભતાંએ-સુગમતાંએ – મોક્ષધર્મ જાણી શકે – માની શકે અને આરાધનથી અનુભવી શકે એવું જીવન જીવીને – જીવન બનાવીને – બાળજીવો જીવંત દ્રષ્ટાંતે બોધ પરિણામી બની શકે – એવી અતિ બળવાન કરૂણાં દ્રષ્ટિથી પ્રેરાયને દૃઢ સંકલ્પે શ્રી મહાવીર સ્વામી ભગવાને જીવનલીલા પ્રકાશી (શ્રી તિર્થંકર પરમાત્માની નિષ્કામ કરૂણાંનાં ભાવબળે અને ફળે બાળજીવો શ્રી પરમાત્માનાં જીવન અવલોકનનાં આધારે બોધ પરિણામી બને)

"માટે"

શ્રી તિર્થંકર પરમાત્માએ પોતાની સર્વ ઈચ્છાઓ માતા-પિતાની ઈચ્છામાં સમાવી અને માતા-પિતાની ભક્તિમાં મોક્ષની સર્વ પ્રકારની ભક્તિ બતાવી અને જગતનાં બાળજીવોમાં સ્થપાવી. (સર્વ દુ:ખોનું મુળ અને અનંત ભવ-ભ્રમણનું કારણ ઈચ્છાઓ "અને" ઈચ્છા રહીત થવાનું સાધન અને કારણ માતા-પિતાની ભક્તિમાં બતાવ્યું)

"અને"

**બન્યાં વીરથી મહાવીર,**
**કર્યા અનંતા બાળને વીર,**
**વીર બનીને ધરે વિરતાં,**
**એજ બને મહાવીર.**

માતા-પિતાની ગેરહાજરીએ વડિલ બંધુંને પરમ ઉપકારી માનીને – અલ્પાંશે પણ ભારરૂપ બન્યાં વગર તેમની આજ્ઞાએ જીવન વિતાવવું એવી નિષ્કામ કરૂણાં દ્રષ્ટિએ – "જગત ઉપકારી આધારે" – જીવન જીવવાનું – જીવંત દ્રષ્ટાંતથી દર્શાવ્યું.

"અને"

જ્યાં સુધી વડિલ બંધુની આજ્ઞા ન મળે ત્યાં સુધી અતિ-અતિ બળવાન વૈરાગ્યનાં ભાવે – મનોમન મનોભાવે – દૃઢ સંકલ્પે – પૂર્ણ ત્યાગે – પૂર્ણ વૈરાગે અને સંપૂર્ણ જ્ઞાને, ધર્મ પ્રકાશવો – ધર્મ પ્રભાવવો અને ધર્મ સ્થાપવો એવાં દૃઢ આત્મ મનોબળે – કર્મ ઉદયે – સ્થિતી પ્રાપ્તીએ જીવન વિચરતાં શ્રી તિર્થંકર પરમાત્માએ વિચાર્યું.

"અને"

યથા-યોગ્ય કર્મ ઉદય ભાવે વડિલ બંધુની અનુમતિ મળતાં – મતિનાં ક્ષયાર્થે શ્રી તિર્થંકર પરમાત્મા સંસાર ત્યાગીને સંપૂર્ણતાં પામવા સર્વસંગ પરિત્યાગી બનીને સર્વજ્ઞતાં પામવાનાં માર્ગે પ્રયાણ કર્યું. (સર્વ પ્રકારનાં સંગનો, સર્વ પ્રકારનાં સાધનોનો ત્યાગ કર્યો.) અને સર્વસંગ પરિત્યાગનાં પ્રયાણ સમયે શ્રી તિર્થંકર પરમાત્માએ "ન પાછું વળીને જોયું કે ન આગળ વધતાં અટક્યાં" **(પાછું વળીને જોવે અને જો આગળ વધે તો કરૂણાં ભાવ લોપાય અને આગળ વધતાં અટકે તો રાગભાવ પોસાય).**

**કોઈપણ બાળજીવો પોતાનાં મનની-મલિનતાંથી મહાવીરનો માર્ગ – મોક્ષનો માર્ગ મેળવી શકતાં નથી,**
**''પણ''**
**મહાવીરનો માર્ગ મળવાથી બાળજીવ મનની મલિનતાં ટાળી શકે છે.**

"અને"

એક માત્ર પરિપૂર્ણ જ્ઞાનનું – સર્વજ્ઞતાંનું – કેવળજ્ઞાન પ્રકાશનું ભાન ધારણ કરીને – ધ્યાન ધરવાં માટે કર્મનાં ઉદયે – ઉદયભાવ પ્રભાવે – મતિનાં ક્ષયનાં યોગ-ઉપયોગે-ઉપયોગી – જીવનધારા પ્રકાશીત અને પ્રમાણીત કરીને – એક પુદગલ-પરમાણુંની – એક સમય માત્રની અને એક ક્ષેત્રની અખંડીતભાવે – કર્મ ઉપયોગે – દેહાતિત સ્વભાવે – પાંચ ઈન્દ્રિયોનાં ઉપયોગની – ઉપયોગીતાંને નિષ્ક્રીય કરવાનો ઉગ્ર દેહ પુરુષાર્થે – આત્માનો – આત્મા થકી – આત્મ-ચિંતનનો ઉગ્ર આરંભ કરીને મતિનાં (બુધ્ધીનાં) ક્ષયનો ક્રમિકતાંએ – ક્રમિકતાંથી-ક્રમશ:પણે પ્રારંભીને – પૂર્ણતાં તરફનું પ્રયાણ – પ્રસાર્યું – "કેવળજ્ઞાન પ્રકાશની"- તરફ ગતિશિલતાં પ્રાપ્ત કરી.

"અને"

**જે સ્વરૂપ સર્જ્યું પ્રભુએ,**
**આપ્યું મુજને ભાન,**
**ગણું પરમ ઉપકારથી,**
**પામું નિજ સ્વરૂપ.**

એ ગતિશિલતાં લગભગ સાડાબાર વર્ષે પૂર્ણ કરીને શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન પૂર્ણ યોગબળે – સંપૂર્ણ જ્ઞાને – કેવળજ્ઞાન પ્રગટાવીને કેવળજ્ઞાની બન્યાં – સંપૂર્ણ વિતરાગી બન્યાં – સંપૂર્ણ અભયી બન્યાં અને સર્વ શ્રેષ્ઠ સંકલ્પની પૂર્ણતાયે – જગતમાં સર્વશ્રેષ્ઠ મોક્ષધર્મનાં સ્થાપક બન્યાં.

(શ્રી તિર્થંકર પરમાત્માએ આપેલાં ધર્મ શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી ટકવામાં શ્રી પરમાત્માએ સહન કરેલાં ઉગ્ર ઉપસર્ગો અને તેનાં ફળ પરિણામે પ્રગટેલું શ્રી પરમાત્માનું પ્રચંડ યોગબળ જ કારણ-સાધન પરિણામી બન્યું).

જૈન ધર્મ તત્વોનું શાસન સ્થાપન (શાસ્ત્રો અને દેશનાં સ્વરૂપે) શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને સ્થાપ્યું છે. અને એ સ્થાપનમાં જગતનું સંપૂર્ણ જ્ઞાન નિગોદથી લઈને ૧૪ રાજલોક સહિત, સિધ્ધક્ષેત્ર (મોક્ષ)નું સંપૂર્ણ જ્ઞાન, અને જેમાં મુખ્યે કરીને આત્મતત્વોનું ગુણ-સ્વભાવ-ભાવ પર્યાય, અસંખ્યાત

### મહાવીર પ્રભુનો ૨૬૦૦મો જન્મ કલ્યાણક સૌને માટે ચેતનાના ઉર્ધ્વીકરણનું નિમિત્ત બની રહો

છેલ્લાં કેટલાક વર્ષોથી જૈન ઉત્સવ વખતે બધા ફિરકાઓ એકત્ર ઉજવણી કરીને પોતે અનેકાન્તવાદી જૈન પરંપરાના સુપાત્ર અનુયાયી છે તેની સાબિતી આપી રહ્યાં છે.

અલબત્ત વેરભાવથી પીડાતાં અને અમુક અંશે આત્મઘાતી વલણ ધરાવતા આજના વિશ્વમાં જૈન પરંપરા અને પ્રભુ મહાવીરના સંદેશનું અનેરું મહત્વ છે એ તો જૈનેતરો પણ સ્વીકારી રહ્યાં છે.

જૈનો પાસેથી આજનું જગત ઘણી ઘણી અપેક્ષા રાખી રહ્યું છે, ત્યારે જૈનોએ માત્ર ઉત્સવ વખતે જ નહીં પણ કાયમ માટે અનેકાન્તભાવમાં સ્થિર થવું જોઈએ.

જો જૈનો પોતાના આ વિચાર વૈભવને આચાર વૈભવમાં પલટાવી દેશે તો આવનાર કાળમાં જૈનમ જયતિ શાસનમ્નો પડઘો બધા લોકોના હ્રદયમાંથી આપોઆપ ઉઠશે.

ચાલો ઈચ્છીએ કે મહાવીર પ્રભુનો ૨૬૦૦મો જન્મ કલ્યાણક મહોત્સવ સૌને માટે ચેતનના ઉર્ધ્વીકરણનું નિમિત્ત બની રહો.

– **ચંદ્રસેન મોમાયા**

પ્રદેશો સહિતનું આત્મતત્વોનું ભવબંધનનું કારણ – ભવભ્રમણનું કારણ – ભવમુક્તિનું કારણ – સાધન સહિતનું કર્મો બાંધવાનું કારણ – કર્મો છોડવાના ઉપાય. કર્મો વેદવામાં અંતર અવસ્થાની સ્થિતી કે જેનાં કારણે અનંતા નવા કર્મો ન બંધાય, અજ્ઞાન અવસ્થાએ બાંધેલા અને સત્તામાં રહેલાં અનંતા કર્મોની નિર્જરાનાં ઉપાય અને જીવન વ્યતિતે કર્મ રહિત જીવન પૂર્ણતાની સુક્ષ્મ સમજણ સહિત. જગતનાં સર્વક્ષેત્રોનું સુક્ષ્મમાં–સુક્ષ્મ જ્ઞાન, જગતમાં સમયનું સુક્ષ્મમાં–સુક્ષ્મ પ્રભાવ સહિત સામર્થ્યનાં જ્ઞાન સહિત એક સમયનું માપ – જગતનાં પદાર્થોનું પરીવર્તન સહિત પદાર્થોની સ્થિતીનું સુક્ષ્મતમ જ્ઞાન અને જીવ પ્રકૃતિનાં ભાવ–પ્રભાવ સહિત સંજોગ અવસ્થાનું અને બંધનકારક સ્થિતી એ ભાવ પરિણીતીનું જ્ઞાન અને જગત રચનાં સહિત જગત સ્થિરતાંએ અને જગત પરિવર્તનશીલતાંનાં ગુણ–સ્વભાવ–પ્રભાવનું સુક્ષ્મમાં–સુક્ષ્મતમ જ્ઞાન કે જે જ્ઞાન જગતમાં ફક્ત જૈનધર્મમાં (શાસ્ત્રો સ્વરૂપે) રહેલું છે.

**જે માર્ગે પ્રભુજી વિચરીયાં,**
**આપ્યો માર્ગનો એજ આચાર,**
**કર્યા બાળને વિચારતાં,**
**થયાં જીવ એ મુક્ત વિહારી.**

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન એજ ભવે મોક્ષે જવાનાં નિશ્ચિત હતાં "છતાં" આપણા માટે–આપણને સર્વશ્રેષ્ઠપણું આપવાં માટે અને સર્વશ્રેષ્ઠ પરિણામો પમાડવાં માટે શ્રી પરમાત્માએ આપણાં માટે ઉગ્ર પરિષહો સહન કરીને આપણી ઉપર અનંતા–અનંત ઉતારી ન શકાય એવો અતિ બળવાન પરમ–ઉપકાર ચડાવી દીધો છે. શ્રી તિર્થંકર પરમાત્માએ ધર્મ સ્થાપન કરીને જગતમાં સર્વ શ્રેષ્ઠ જ્ઞાનની જે દુર્લભતાં–અલભ્યતાં–અણમોલતાં–અમુલ્ય ગણાય એવાં બુધ્ધીગમ્ય અને અનુભવગમ્ય મોક્ષજ્ઞાનધર્મને પ્રકાશીને – પ્રસ્થાપીત કર્યો.

**મહાસંઘ બને સર્વોપરી,**
**સંઘો–સંઘ બને સર્વશ્રેષ્ઠે,**
**સાધુ–સાધ્વી સર્જે સિધ્ધાંત સારને,**
**સરજે જગતમાં સિધ્ધ સ્વરૂપને.**

આવા મહાન સર્વજ્ઞ – સર્વ શ્રેષ્ઠ – સર્વોત્તમ – પરમ–પુરૂષનું નામ–મંત્ર સ્વરૂપ છે. તેમનાં માટેનાં વિચારો મંત્ર સ્વરૂપ છે. તેમનું સ્મરણ મંત્ર સ્વરૂપ છે. તેમનું જીવન ચરિત્ર મંત્ર સ્વરૂપ છે. તેમનાં કાર્યો મંત્ર સ્વરૂપ છે. તેમનું જન્મક્ષેત્ર મંત્ર સ્વરૂપ છે. તેઓ વિચરેલા એવા સર્વક્ષેત્રો મંત્ર સ્વરૂપ છે; તેમનું નિર્વાણ ક્ષેત્ર (કલ્યાણક) મંત્ર સ્વરૂપ છે. તેઓ સ્વયં મંત્ર સ્વરૂપ છે. અને નિર્વાણ સમયે, ધારણ કરેલાં પુદ્ગલ–પરમાણુંઓ અને યોગબળ અને યોગશક્તિ સ્વેચ્છાએ જગત કલ્યાણ અર્થે ત્યાગીને જગત ઉતારી ન શકે એવો પરમ ઉપકાર ચડાવીને પુદ્ગલ–પરમાણુ સ્વરૂપે મંત્ર સ્થાપી ગયા.

જગતમાં એક માત્ર શ્રી તિર્થંકર પરમાત્માઓ જ આપી શકે અને સ્થપાવી શકે એવાં જગતનાં સર્વશ્રેષ્ઠ મોક્ષજ્ઞાનધર્મ સર્વ શ્રેષ્ઠતાં પ્રકાશીત કરનાર શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપણને આપેલાં અમુલ્ય તત્વદર્શનની મુખ્ય–મુખ્ય લક્ષણોએ ગુણોએ વિચારણાં કરીએ.

૧. જગતનાં સર્વ મોક્ષમાર્ગનાં સ્થાપકોમાં એક માત્ર જૈન મોક્ષમાર્ગનાં સ્થાપક જ પૂર્ણ વૈરાગી – પરિપૂર્ણ ત્યાગી અને સંપૂર્ણ જ્ઞાની (કેવળજ્ઞાની) છે.
૨. જગતમાં સર્વ શ્રેષ્ઠ સાધુ–સંસ્થા જૈનોને મળેલી છે. સાધુ–સાધ્વીજીઓનાં અલગ–અલગ આવાસ–નિવાસ, સાધુ–સંસ્થાનાં મુખ્ય આચારોમાં – સત્તા–સંપત્તી અને સ્થાવર સંપત્તિ સહિત વાહન ઉપયોગનો સદા–સર્વદા નિષેધ અને દેહનાં બાહ્યીક સાધનોનાં નિષેધ સહિત જરૂરિયાતથી વિશેષનાં નિષેધ સહિત "આરંભ–પરિગ્રહનો નિષેધ".
3. સંઘો અને મહાસંઘની સર્વશ્રેષ્ઠ રચનાંઓ કે જેમાં સાધુ–સાધ્વીજી–શ્રાવક–શ્રાવિકા.

Website : www.jainojago.com

**ધર્મ કરવાથી – ધર્મ ન થાય અને**
**ધર્મ ગમે પણ નહીં,**
**''પણ''**
**ધર્મ ધારણ કરવાથી ધર્મ થાય**
**અને ધર્મ ગમે,**
**''અને''**
**ધર્મ જ્યારે ગમવાં લાગે –**
**ગમે ત્યારે ધર્મ સ્વભાવ બને,**
**''અને જ્યારે''**
**ધર્મ સ્વભાવ બને ''ત્યારે''**
**બાળ અજ્ઞાન–વિભાવ ટળે,**
**''અને ત્યારે''**
**સમકિત પ્રાપ્તીએ ભવ–મુક્તિ મળે –**
**ભવ–ભ્રમણ ટળે.**

૪. સામાજીક જીવન અને આત્મધર્મનો સમન્વય કરીને ગૃહસ્થીઓને આપેલી જીવન – જીવવાની રીત – સમજણ.
૫. એક માત્ર જૈન દર્શનમાં જ જીવની નિગોદ અવસ્થાથી લઈને મોક્ષસુધીની સ્થિતી–અવસ્થાઓ દર્શાવી છે.
૬. એક માત્ર જૈન–દર્શનમાં જ આત્માનાં વિકાસ ક્રમનાં ગુણ માપક કસોટીના ગુણ સ્થાનકો દર્શાવ્યા છે. (૧૪ ગુણસ્થાનક)
૭. એક માત્ર જૈન દર્શનમાં જ ૭મું ગુણસ્થાનક (જ્ઞાન સ્વભાવ) અને કેવળજ્ઞાનનું સંપૂર્ણ દર્શન કરાવ્યું છે.
૮. એક માત્ર જૈન દર્શનમાં જ (મોક્ષ જ્ઞાન ધર્મ) મોક્ષમાર્ગને બુધ્ધિગમ્યથી અને અનુભવગમ્યના અનુભવપ્રણીત અને પ્રેરીત કરીને દર્શાવ્યો છે.

**વીર–પ્રભુની સાદ્યવાણીને,**
**ગણે જીવનમાં પરમ ઉપકારી,**
**ભરે જીવનમાં સુખવાણીને,**
**બને જીવનો સુખ–સ્વભાવ.**

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આખા મોક્ષ માર્ગનો સાર એક–એક વાક્યમાં સંપૂર્ણ તત્વો ભરીને – બાળજીવો માટે ધરી દીધો છે. જેમકેઃ–

**૧. અહિંસા એ જ પરમ ધર્મ છે.**
**૨. માતા–પિતાની ભકિતમાં જગતની સર્વે ભકિત સમાયેલ છે.**
**3. ગુરૂની આજ્ઞા એ જ ધર્મ "અને" આજ્ઞામાં વર્તવું એ જ તપ.**
**૪. જગતના સર્વ જીવોની ક્ષમા લેવી અને સર્વ જીવોને ક્ષમા આપવી.**
**૫. જગતનાં પ્રાણી માત્રને નિર્ભયતાં આપવી "એમાંજ" નિર્ભયતાં પામવી.**
**૬. પ્રાણી માત્રને દુ:ખ ન થાય "એવાં" મન–વચન કર્મથી વર્તવું.**
**૭. જગતમાં મોટામાં મોટી સેવા "એજ" માનવસેવા છે.**
**૮. જગતમાં મોટામાં મોટું મહાદાન "એજ" જ્ઞાનદાન છે.**
**૯. જગતમાં મોટામાં મોટી રક્ષા કરવી "એજ" જ્ઞાનરક્ષા છે.**

**જ્ઞાન તત્વને – દેહ દ્રવ્યમાં,**
**વરતે જ્ઞાન સ્વભાવ,**
**તત્વ–દ્રવ્યની ભિન્નતાંમાં,**
**કરે દ્રવ્યની અભિન્નતાં.**

આવાં અનેક અમુલ્ય તત્વ વચન વાક્યોમાં શ્રી તિર્થંકર પરમાત્માએ આખો મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગનો સાર આપીને બાળજીવોને આત્મકલ્યાણી બનાવ્યાં.

**જે જીવોને શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનમાં નિશંક શ્રધ્ધા – અનન્ય શ્રધ્ધા અને નિષ્કામ – અનન્ય ભક્તિ હોય તેવા જીવોને જગતમાં કોનાં આધારની જરૂર રહે ?**

મુક્તિનાં માર્ગનું સંપૂર્ણ અને સુક્ષ્મજ્ઞાન જગતમાં ફક્ત જૈન ધર્મમાં જ રહેલું છે; અને એ જ્ઞાનની મહત્તાઓ એમાં છે કે જે જ્ઞાન બુધ્ધિથી સમજી શકાય અને અનુભવમાં અનુભવિ શકાય. એ મુક્તિજ્ઞાનને જગતનું સર્વ શ્રેષ્ઠ જ્ઞાન કહેવાય. આ પ્રકારનું સર્વશ્રેષ્ઠ જ્ઞાન અને જ્ઞાન આપનાર શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન પછી (શ્રી પરમાત્માનાં નિર્વાણ પછી લગભગ ૨૫૦૦ વર્ષમાં) કોઈ મહાપુરુષ થયા નથી અને હવે પછીનાં ૧૮૫૦૦ વર્ષમાં આવા મહાપુરુષ કોઈ (શ્રી તિર્થંકર પરમાત્મા) થવાનાં નથી. માટે આવું સર્વશ્રેષ્ઠ જ્ઞાન આપનાર પૂર્ણ પુરુષોત્તમ એવા શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનને સર્વ–સમયની – સર્વ ક્ષેત્રથી – સર્વ નિષ્કામ ભાવે અત્યંત્ય પરમ ઉપકારી માન્ય ગણીને – જાણીને – અત્યંત્ય ભક્તિ ભાવથી ત્રિકાળ વંદનાં – ત્રિકાળ વંદના,

**મહાવીરનાં મર્મનો માર્ગ,**
**મળે મુશ્કેલને મહેનતથી,**
**માને મર્મને મહાવીરને,**
**મળે માનવને મહાવીરતાં.**

અત્યંત્ય ભક્તિભાવથી ઉપકારી વંદના. જગતનાં સર્વ ધર્મોમાં સર્વ શ્રેષ્ઠ ધર્મ સ્થાપનાર અને જગતે જે ધર્મને સર્વ ધર્મોમાં પ્રધાન–પ્રમુખ–અને મુખ્ય ધર્મનું સ્થાન આપ્યું છે, અને જૈનધર્મે અને જૈન શાસ્ત્રોએ અને જૈનધર્મનાં જ્ઞાની મહાપુરુષોએ એ સાબીત પણ સમયે–સમયે કર્યું છે એજ જૈનધર્મની સર્વોપરીતા અને સિધ્ધતાં સાબીત કરે છે. એવાં ધર્મનાં સ્થાપક શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન જગતનાં કોઈપણ ધર્મ સંપ્રદાયનાં જ્ઞાની મહાપુરુષો જૈન ધર્મ ન આપી શકે "પણ" જૈન ધર્મનાં જ્ઞાની મહાપુરુષો જગતનો કોઈપણ ધર્મ આપી શકે. **"પ્રધાનમ્ સર્વ ધર્માણમ્".**

જગતનાં સર્વ ધર્મોમાં જે રહેલું છે; એ જૈન ધર્મમાં રહેલું છે.

"પણ"

જૈન ધર્મમાં જે રહેલું છે; તે જગતમાં કોઈ ધર્મમાં રહેલું નથી.

"એ છે"

"૭માં ગુણસ્થાનકથી કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન", પાંચ પદની પરમ ઉપકારીતા, અનેકાન્તવાદ, સ્યાદવાદ વાણી અને દ્રષ્ટિ, ક્રમિક આત્મ વિકાસનાં ૧૪ ગુણસ્થાનક, ૭ ભય પ્રેરિત ધર્મ અને ૭ ભય રહિત ધર્મ(આત્મધર્મ), જ્ઞાનદોષ અને જ્ઞાનયોગની પ્રાપ્તિનાં કારણો. "પુન્યલક્ષી ધર્મ અને આત્મલક્ષી ધર્મ". "કાળ મર્યાદીત અને ભવ મર્યાદિત સમકિત". એક સમયની સ્થિરતાંની સાધનાં – એક ક્ષેત્રની સ્થિરતાંએ સાધનાં અને એક પુદ્ગલ–પરમાણુંની સાધના.

**મહાવીરનાં અનેકાંતવાદે,**
**ટળે વિશ્વમાં વાદ–વિવાદ,**
**જાણે જગતનું છે જે સ્વરૂપ,**
**કરે સત્ય–સ્વિકૃતિ–સ્વિકાર.**

આવી અનેક અવસ્થાનું જ્ઞાન ફક્ત જૈનધર્મમાં રહેલું છે. એજ જૈનધર્મની સર્વાંગીતાનું અને સંપૂર્ણતાનું માપ કહેવાય અને અમાપ આપ્યું કહેવાય.

આવો સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ ધર્મ આપનાર હતાં શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર ભગવાન.

"અને"

તેનાં બદલામાં આપણે તેમની ઉપકારીતા માનતાં હોઈએ તો શું આપ્યું ? શું આપવું જોઈએ ? અને શું આપી શકીએ છીએ? તેનો વિચાર આપણે જૈનપણું પામ્યાં – તેવું વિચારીને – સમજીને

**જન્મે જૈન બન્યા. તો કર્મે જૈન બનીએ.**

સ્થળ સંકોક્ષનાં કારણે વિશેષ વિચારણાંઓ કરી નથી "પણ" ભાવિમાં યોગે કરીને વિચારશું.

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલું અમુલ્ય–અલભ્ય જ્ઞાનને–જાણીને–માનીને–સ્વીકારીને–ધારણ કરીને શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં સંપ્રદાયમાં પૂર્વમાં થયેલાં શ્રી ધર્માચાર્યો – જ્ઞાની પુરુષો – મહા પુરુષો – ટ્રસ્ટીઓ – શ્રેષ્ઠીઓએ જ્ઞાનરક્ષા માટે – ધર્મ રક્ષા માટે – સાધુ રક્ષા માટે – સંપ્રદાય રક્ષા માટે – પ્રાણ સમર્પિતે "પણ" જ્ઞાનરક્ષા અને ધર્મરક્ષા કરેલી હતી.

"કારણ"

શ્રી તિર્થંકર પરમાત્માએ જ્ઞાન ફરમાને દર્શાવ્યું હતું કે ધર્મ–

# ‘‘શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનું અતિશય – અદ્ભુત – અપ્રતિમ યોગબળ અને યોગ ફળ’’

શ્રી પરમાત્મા જ્યારે સ–કામ કરૂણાં ભાવ દ્રષ્ટિએ સંસારમાં રહેલાં હતાં અને જ્યારે સંસાર ત્યાગીને નિષ્કામ કરૂણાંભાવ દ્રષ્ટિ પ્રગટેલ હતી તેને ગોપાવવાં – ગોપનીય કરવાં માટે અતિશય બળવાન મનો–આત્મબળે દૃઢ સંકલ્પ ધારણ કરીને અખંડ મૌનતાંએ પૂર્વાભિમુખે પ્રયાણને આરંભ્યું.

‘‘જ્યાં’’

કર્મઉદયે – ભાવાનુંભાવ અનુભવે – યોગ ઉપયોગે ઉપયોગની ઉપયોગીતાંથી – ઉપયોગનાં યોગથી – યોગની ઉપયોગીતાંનાં યોગથી – ઉપયોગીતાંને – સર્વ સમય માટે ઉપયોગમાં – સ્થિરતાં – સ્થપાવવાનો – મહા પુરુષાર્થનો – મહા આરંભ – મહા પુરુષ શ્રી તિર્થંકર પરમાત્માએ આરંભ્યો

‘‘કે જેમાં’’

અનાદિનાં અધ્યયનથી – અભ્યાસથી મતિ – શ્રુતિનાં – સ્મરણ – વિસ્મરણનાં ભાવ–સ્વભાવને – વિસર્જિત કરવાં ‘‘માટે’’

૧) લિંગભેદની – ભેદતાંનાં – ભેદનું – ભેદન કરીને – અભેદતાં ધારણ કરવા માટે – ‘‘એક–પુદ્ગલ–પરમાણુંમાં સ્થિરતાં’’.

૨) રવિ–ચંદ્રની ભેદતાંની – દિવસ–રાત્રીનાં ભેદની અભેદતાં ધારણ કરવાં માટે ‘‘એક સમય – માત્રમાં સ્થિરતાં’’.

૩) ક્ષેત્ર આધારીત દેહ–દેહ આધારીત આત્માની અભિન્નતાંને ટાળવાં માટે ‘‘એક માત્ર ક્ષેત્રમાં સ્થિરતાં’’.

કે ‘‘જેનાં પરિણામે’’

ભાવ-પ્રભાવ-સ્વભાવ - જીવા–જીવનાં ભાવ – સમય પ્રભાવ અને પ્રકૃતિ સ્વભાવનો ક્ષય – સદા-સર્વદા માટે ભાવ–પ્રભાવ–સ્વભાવથી મુક્તાત્મા બન્યાં.

અને ‘‘તેનાં ફળ પરિણામે’’

૧) એક પુદ્ગલ–પરમાણુંની સાધનાં–સિધ્ધીએ જગતનાં સકલ–પુદ્ગલ–પરમાણુંનાં જ્ઞાતા–દ્રષ્ટાં બન્યાં.

૨) એક સમયની સાધનાં–સિધ્ધીએ ભુત–ભવિષ્ય અને વર્તમાન સમયનાં – જ્ઞાતા–દ્રષ્ટાં બન્યાં.

૩) એક ક્ષેત્રની સાધનાં–સિધ્ધીએ ૧૪ રાજલોકનાં સર્વક્ષેત્રનાં જ્ઞાતા–દ્રષ્ટાં બન્યાં.

મન–મતિનાં ક્ષયે અને આત્માનો ઉપયોગ – સર્વ સમય માટે આત્મામાં સ્થિર કરીને પૂર્ણ જ્ઞાની – સંપૂર્ણ જ્ઞાની – કેવળજ્ઞાની બન્યાં. ‘‘પૂર્ણ ત્યાગી – સંપૂર્ણ વિતરાગી – કેવળજ્ઞાનનાં ધારક ‘‘કેવળજ્ઞાની’’ શ્રી મહાવીર સ્વામી ભગવાને જગતને – જગતમાં સર્વશ્રેષ્ઠ એવો મોક્ષમાર્ગ સ્થાપ્યો અને આપ્યો.

જગતનાં જીવ માત્રનાં અતિ–અતિ પરમ ઉપકારી અને એક અવતારી મહાત્માઓ ઉપર કરેલો અનંતા–અનંત ઉપકારીતાનો બદલો બાળજીવ કેવી રીતે ઉતારશે ? વાળશે ? (શ્રી તિર્થંકર પરમાત્માની જ્ઞાન–આજ્ઞાએ–ફરમાને–પાંચમાં આરામાં ‘‘કેવળજ્ઞાનનાં નિષેધે’’ ૭માં ગુણસ્થાનકનાં ધારક – એક અવતારીએ – મતિનાં ક્ષયનો પુરુષાર્થ કરવો નહીં અને કરી શકશે નહીં, દ્રવ્યે કેવળી પણ કેવળજ્ઞાની નહીં). ‘‘શ્રી તિર્થંકર પરમાત્માનાં ૭માં ગુણસ્થાનકની અવસ્થાનાં ભાવાનુંભાવ અનુભવ–સ્વભાવનું બાળજીવો ધ્યાન ધરે તો સહજતાં એ વિભાવ ટળે

અને

યોગ આચાર ઉપયોગનું ધ્યાન ધરે તો સરળતાંથી પ્રકૃતિનાં દોષો અને પ્રકૃતિ તુટે અને પ્રકૃતિ મુક્ત બને’’. (જેની વિચારણાં ભાવિમાં યોગે કરીને વિચારશું).

‘‘કરૂણાંનાં સાગર’’ પરોપકારી – પરમ ઉપકારી શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનને સર્વ–સમયની – ત્રિકાળ દર્શીતાંએ અતિ–અતિ ભાવભરી – પરીપૂર્ણ વંદનાં એ વંદનાં.

સંપ્રદાય ઉપર ‘‘૨૫૦૦’’ વર્ષ સુધી આવરણ આવશે અને ધર્મ વિચ્છેદનાં કારણો બનશે.

‘‘ત્યારે’’

પૂર્વનાં મહાપુરુષોએ – શ્રી આચાર્ય ભગવંતોએ – અને સંપ્રદાયનાં ટ્રસ્ટીઓ – શ્રેષ્ઠીઓએ વિચાર્યું હશે.

કે

૨૫૦૦ વર્ષ સુધી ધર્મને કોઈપણ પ્રકારે અને ગમે તે અવસ્થાએ સાચવવો અને બચાવવો કે

જેનાં પરિણામે ૨૫૦૦ વર્ષ પછી સંપ્રદાયનાં બાળજીવો – સાધુ–સાધ્વીજીઓ ધર્મ જાણી શકે – ધર્મ સન્મુખ આવી શકે અને ધર્મ આરાધન કરીને આત્મ કલ્યાણ પામી શકે.

**વીર–પ્રભુની અહિંસાને,**
**ભરે જીવનમાં માનવતાંથી,**
**ગણે દુ:ખ વચનોમાં અન્યની હિંસા,**
**પ્રગટે માનવીમાં મહામાનવતાં.**

‘‘અને’’

એ માટે પૂર્વનાં મહાન જીવાત્માઓએ શ્રી શાસ્ત્રોને સાચવવાં – જ્ઞાનને રક્ષવાં અને ધર્મ અને ધર્મ સ્થાનકોને બચાવવાં માટે પ્રાણનાં બલિદાનો આપ્યાં હશે – ગામ–નગરોને ત્યાગ્યાં હશે, સત્તા–સંપત્તિ ધર્મને સમર્પિત કરી હશે, રાજા–મહારાજાઓને સમજાવ્યાં હશે, કેટ–કેટલાં દુ:ખો અને વિઘ્નોને સહન કર્યા હશે !

**વિતરાગીની વિરતાંનું,**
**ધરે ધ્યાનથી ધ્યાનધરે,**
**વધે વર્ધમાનની વૃધ્ધી,**
**થાય આત્માની અતિશુધ્ધી.**

‘‘શા માટે ?’’ ‘‘કારણ’’

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં મહાનિર્વાણ પછીનાં ૨૫૦૦ વર્ષ પછી સંપ્રદાય–સમાજનું મહાનિર્માણ થાય અને શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં નામનો જગતમાં જય–જયકાર બોલાય અને સંપ્રદાયનાં અને જગતનાં બાળજીવો શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલાં સિધ્ધાંતોને ધારણ કરીને વિશ્વ શાંતિ ફેલાવે અને જગતમાં જૈન ધર્મની મહાનતાં પ્રકાશીત થાય અને એ પ્રકાશમાં જીવ માત્ર પોતાનું આત્મ કલ્યાણ સાધીને – જગત કલ્યાણ કરે એવી અતિ–અતિ ઉચ્ચતમ ભાવનાંએ પ્રેરાયને પૂર્વમાં મહા પુરુષોએ પોતાનો – પોતાનાં જીવનનો બલિદાન આપ્યાં હશે ‘‘અને’’ એજ યથાર્થ અને સત્યાર્થ છે.

**મહાવીર છે પરોપકારી,**
**જ્ઞાન–જ્ઞાની છે પરમ ઉપકારી,**
**જગત આધારે છે ઉપકારી,**
**ભવ–મુક્તિમાં સર્વ ઉપકારી.**

**‘‘સિધ્ધાંતધારી જ સિધ્ધાંત માટે સર્વસ્વ અર્પણ કરી શકે’’**
**‘‘જ્ઞાનધારક જ જ્ઞાનરક્ષા માટે પ્રાણ આપી શકે,**
**ધર્મ પ્રેમી જ ધર્મરક્ષા માટે સમર્પણ કરી શકે’’.**

‘‘અને’’

૧. શ્રી તિર્થંકર પરમાત્માનાં મહાનિર્વાણ પછીનાં ૨૫૦૦ વર્ષ પછીનો જે સંપ્રદાય તે વર્તમાન કાળ–ક્ષેત્રમાં જે સંપ્રદાય છે ‘‘એજ’’ સંપ્રદાય.
૨. ૨૫૦૦ વર્ષ પછીનાં જે બાળજીવો તે ‘‘આપણે જ’’.
૩. ૨૫૦૦ વર્ષ પછીની જે સાધુ–સંસ્થા તે અત્યારે આપણી સાથે જે સાધુ–સંસ્થા છે ‘‘એજ’’.
૪. ૨૫૦૦ વર્ષ પછીનાં જે સંપ્રદાય–સમાજનાં ટ્રસ્ટીઓ–શ્રેષ્ઠીઓ તે અત્યારનાં આપણાં સંઘોમાં છે ‘‘એજ’’.
૫. ૨૫૦૦ વર્ષ પછીનાં જે ધર્માચાર્યો તે અત્યારે આપણી સાથે જે છે ‘‘એજ’’.
૬. શ્રી મહાવીર સ્વામી ભગવાને રચાવેલાં શ્રી શાસ્ત્રો – મોક્ષજ્ઞાનધર્મ – સિધ્ધાંત બોધ – નિશ્ચયબોધને – મોક્ષમાર્ગને બચાવ્યો હતો – સાચવ્યો હતો ‘‘તે’’ આપણાં ‘‘માટે જ’’.

આપણી માટે આપણાં શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન અમુલ્ય – અલભ્ય તત્વજ્ઞાન આપ્યું. આપણાં માટે આપણાં પૂર્વાચાર્યોએ – તત્વજ્ઞાનને બચાવ્યું – સાચવ્યું.

‘‘અને’’

આપણે અત્યારે એ તત્વજ્ઞાનનું – મોક્ષમાર્ગનું શું કરીએ છીએ ? અને સંપ્રદાયનાં ભાવિ બાળજીવોને માટે શું કરશું ? અને શું આપશું ?

‘‘તેનો વિચાર’’

સંપ્રદાયનાં આત્માર્થી બાળજીવો – ધર્મપ્રેમી ટ્રસ્ટીઓ – શ્રેષ્ઠીઓ અને શ્રી મહાવીર સ્વામીને નિશંકતાંએ શ્રધ્ધનાર – આરાધનાર સાધુ–સંસ્થા અને તેનાં ગચ્છાધિપતિ – ધર્માધિપતિ–ધર્માચાર્યો વિચારે

**વીર–પ્રભુનાં અનેકાંતવાદે,**
**મળે જીવને ઘણું સમાધાન,**
**ગ્રહે જીવનમાં મધ્યમતાંને,**
**મળે મુક્તિને મહાવીરતાં.**

‘‘જ્યારે’’

જગતનાં સર્વધર્મોનાં – સર્વ ધર્માચાર્યો – ધર્મગુરૂઓ – ટ્રસ્ટીઓ – શ્રેષ્ઠીઓ – અનુયાયીઓ પોતાનાં સંપ્રદાયનાં અને પોતાનાં શ્રી ઈષ્ટદેવે આપેલાં ધર્મબોધસારને જગતમાં ફેલાવવાં અને પ્રસારવાં માટે તન–મન–ધનથી ક્રિયાશીલ બન્યા છે, અને પોતાનાં સંપ્રદાયનાં બાળજીવો સહિત અન્યધર્મનાં બાળજીવોને પોતાનાં ધર્મ સન્મુખ લાવવાનાં પ્રયત્નો કરે છે – કરી રહ્યાં છે કારણે કે પોતાનાં શ્રી ઈષ્ટદેવનો નામ મહિમા અને ગુણ મહિમા જગતમાં પ્રસરે અને પ્રભાવિત બને.

‘‘ત્યારે’’

આપણે – જૈનો – જૈન સંપ્રદાય શું કરી રહ્યાં છે ?

**વીર–પ્રભુની લેવી ક્ષમા,**
**આપવી અન્યને ક્ષમા ઉછીની,**
**ઉછા–છળી જો બંધ કરી દે ?**
**બંધ થાય ક્ષમા લેવી–દેવી.**

‘‘જ્યારે’’

**૧)** વર્તમાન સમય જગતનાં કોઈપણ ધર્મ સંપ્રદાયમાં ધર્મ સિધ્ધાંતનાં ભેદ–ભાવને ટાળવાં માટે આપસમાં બેસીને નિર્ણય–વિચારણાં કરે છે. ‘‘પણ’’

અન્ય ધર્મીનો આશરો કે નિર્ણય સ્વિકારતાં નથી અને અન્ય ધર્મીઓનો નિર્ણય કે સહયોગ લેતાં નથી.

‘‘ત્યારે’’

આપણે જૈનો ધર્મ સિધ્ધાંતનાં ભેદ–ભાવનો નિવેડો લાવવાં માટે આપસમાં બેસીને વિચાર–વિનિમય કરીએ છીએ કે પછી અન્ય ધર્મીઓ (કોર્ટ–કચેરી) સિધ્ધાંત સ્થાપે–આપે

તેને સ્વિકારીએ છીએ ?

"જ્યારે"

આપણાં પૂર્વનાં મહાપુરુષો અન્ય ધર્મ સંપ્રદાયમાં કે રાજ્ય વ્યવસ્થાનાં વિવાદોને શાંત કરવામાં સમાધાન કરાવવામાં મધ્યસ્થિ બનતાં હતાં.

**૨)** જગતનાં ધર્મ સંપ્રદાયો અન્ય ધર્મીઓને પોતાનાં ધર્મ સંપ્રદાય તરફ આકર્ષિત કરવાં માટે નવાં-નવાં ધર્મ સ્થાનકો અને પ્રચાર-માધ્યમોથી પ્રચારીત કરે છે.

"ત્યારે"

આપણે જૈનો મત-મતાંતરના આગ્રહે આપણાં જ શ્રી તિર્થંકર પરમાત્માનાં સ્થાનકોને વિવાદગ્રસ્ત બનાવીને આપણે-આપણાંજ જૈનધર્મીઓને ધર્મવિમુખ કરીએ છીએ અને તેને આપણે ધર્મ કહીએ છીએ.

"જ્યારે"

આપણાં પૂર્વનાં મહાપુરુષો "ગુણ-પ્રભાવે-ધર્મ સ્વભાવે" રાજા-મહારાજાઓને પ્રતિબોધ પમાડીને હજારો-લાખો બાળજીવોને જૈનધર્મ સન્મુખ કરતાં હતાં.

**3)** જગતનાં ધર્મ સંપ્રદાયો પોતાનાં શ્રી ઈષ્ટદેવે આપેલાં આજ્ઞા સ્વરૂપી ધર્મ સિધ્ધાંતોને ધારણ કરીને તેમનાં શ્રી ઈષ્ટદેવનો ગુણ-નામ મહિમાં ફેલાવે છે.

**દેહ પ્રભાવે – જ્ઞાન-અજ્ઞાને,**
**જ્ઞાન પ્રકાશે – દેહ અભાવે,**
**જાણે જ્ઞાના-જ્ઞાનને શુધ્ધ,**
**રહે જ્ઞાનમાં જ્ઞાની વિશુધ્ધ.**

"ત્યારે"

આપણે જૈનો શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલાં મુખ્ય-મુખ્ય સિધ્ધાંતોને ભુલીને (ક્ષમા લેવી – ક્ષમા આપવી – નિર્ભયતાં આપવી – નિર્ભયતાં પામવી – અનેકાંતવાદ – સ્યાદવાણી – સુખકારક – સુખદાયક વાણી માનવ માત્રને વાણીથી અલ્પ"પણ" દુ:ખ ન આપવું – મધ્યસ્થ ભાવ – સમાધાનકારક – સત્યાર્થ સ્વિકારવું આદિ અનેક સિધ્ધાંતો સ્થાપેલાં છે). તંત્રો-મંત્રોનાં માર્ગે કે અર્થ કારણમાં કે પછી મત-મતાંતરનાં આગ્રહે ઉદાસીન બનીને માર્ગ વિમુખતાંએ વર્તીએ છીએ.

"જ્યારે"

આપણાં પૂર્વનાં મહાપુરુષો શ્રી તિર્થંકર પરમાત્માની ભક્તિનાં બળે જગતમાં ચમત્કારો સર્જતાં હતાં (ચમત્કારો કરતાં ન હતાં) અને સિધ્ધાંતનાં ધારણે – સિધ્ધાંતો પ્રભાવતાં – પ્રકાશાવતાં હતાં.

**મહાવીરની મહાવીરતાં મેળવવાં,**
**માયાવી માનવ માયાને મનાવે,**
**માનવતાંની મોજ-મસ્તીથી,**
**મળે મહાવીરની એ મહાનતાં.**

**૪)** જગતનાં ધર્મ સંપ્રદાયો અન્ય ધર્મીની માનવીય આફતોમાં – માનવીય કાર્યોમાં – માનનીય-માનવી કાર્યો કરીને પોતાનાં ધર્મની ધાર્મિકતાં પ્રગટાવે છે. – પ્રકાશાવે છે. અને જગતમાં વિસ્તારાવે છે. અને પોતાનાં ધર્મ સંપ્રદાયની – એકતાંનું – સામર્થ્યનું જગતમાં – જગતને દર્શન કરાવે છે.

"ત્યારે"

આપણે – જૈનો આપણાં જ જૈન બાંધવો "જ્યારે" કુદરતી આફતોનો ભોગ બને છે. "ત્યારે" આપણી માનવતાં કેટલી પ્રગટાવીએ છીએ ? કેટલી કરૂણાં દ્રષ્ટિ રાખીએ છીએ ? કેટલાં દયાભાવે વર્તીએ છીએ ?

"જ્યારે"

આપણાં પૂર્વનાં મહાપુરુષો-ધર્માચાર્યો-ટ્રસ્ટીઓ-શ્રેષ્ઠીઓ સ્વધર્મી અર્થે તો સદા-સર્વદા તત્પર રહેતાં હતાં "પણ" અન્ય ધર્મીઓ કે રાજા-મહારાજાઓને "પણ" આફતનાં સમયે તન-મન-ધનથી સદા સહાય કરવાં તત્પર રહેતાં હતાં.

"અને"

તેથી જ જૈનધર્મ – સાધુ-સંસ્થા અને જૈન શ્રેષ્ઠીઓ જગતમાં સર્વ શ્રેષ્ઠપણું પામ્યાં અને સર્વશ્રેષ્ઠતાંનું બિરૂદ પામ્યાં

"અને"

"જ્યાં સુધી"

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને

**"શ્રી તિર્થંકર પરમાત્માનાં જીવનબોધની રત્નમણીકા"**

**આત્મસાધનાંમાં વિચાર-વાણી-સમજણ-વર્તનમાં સંયમતાં.**
**આત્મસાધનાંમાં મૌન એ બળવાન સહનશીલતાંનું કારણ બને.**
**આત્મસાધનાંમાં પદાર્થ-સાધનોની અલ્પતાં કે ન્યૂનતાં.**
**આત્મસાધનાંમાં અપ્રિયતા થાય ત્યાં સ્થિરતા કરવી નહીં.**
**આત્મસાધનાંમાં આહારીક રસહીન પદાર્થોની અલ્પતાએ અપ્રમાદ.**
**આત્મસાધનાંમાં મુખ ફેરવીને પાછળ જોવું નહી, અટકવાનું કારણ બને.**
**આત્મસાધનાંમાં એક સ્થળે કે જીવો સમિપે સ્થિરતાં કરવી નહીં.**
**આત્મસાધનાંમાં આત્મભાવે – દેહ સ્વભાવ ટળે.**
**આત્મસાધનાંમાં પ્રથમ સ્વકલ્યાણ, પછી પરકલ્યાણ સ્વભાવ.**
**આત્મસાધનાંમાં આત્મઉપયોગ અને પછી બુધ્ધી પ્રયોગ.**
**આત્મસાધનાંમાં સમાધાન અને મધ્યસ્થ ભાવથી સ્થિરતાં.**
**આત્મસાધનાંમાં શુધ્ધત્વ લક્ષે શુભ-અશુભમાં સમભાવ.**

બોધેલાં – આપેલાં અને સ્થાપેલાં "સિધ્ધાંતસાર"ને સંપ્રદાય ધારણ કરીને – સંપ્રદાયમાં સ્થાપશે.

"ત્યાં સુધી"

જગતમાં – જગત શ્રી મહાવીર સ્વામી ભગવાનને સર્વશ્રેષ્ઠ શ્રી પરમાત્મા માનશે-ગણશે અને તેથી ભજશે.

"અને"

શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં શરણે આવેલાં બાળજીવ જીવનમાં સુખ-શાંતિ અને આનંદની પ્રાપ્તી સહિત આત્મ કલ્યાણનાં અધિકારી બનીને – મોક્ષાર્થીપણું પામશે.

## શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં શાસન-સિધ્ધાંત

**જૈનધર્મનાં પાયાનો સિધ્ધાંત અનેકાન્તવાદનું સ્થાપન. કોઈ જીવ ક્યારેય ખોટો નથી હોતો, ક્યારેક જીવ સમયથી સાચો – ક્યારેક જીવ ક્ષેત્રથી સાચો, ક્યારેક જીવ સંજોગથી સાચો – ક્યારેક જીવ સમજણથી સાચો – ક્યારેક જીવ ભાવથી સાચો ક્યારેક જીવ કર્મ અવસ્થાએ સાચો – ક્યારેક જીવ ગુણથી સાચો – ક્યારેક જીવ જ્ઞાનથી સાચો – ક્યારેક જીવ અનુભવે સાચો; આવી રીતે જીવ કોઈને કોઈ કારણસર સાચો હોય તો પછી ન્યાયનાં નામે ખોટો પાડવાનો અર્થ શું?**

**"અને"**

**સ્વધર્મીને – સ્વધર્મમાં ખોટો પાડવાથી તો જીવ સ્વધર્મ ગુમાવે.**

**"માટે"**

**જૈનધર્મનાં શાસ્ત્રોનાં પાને-પાને સમાધાનનું સ્થાપન અને સમાધાન એજ એક માત્ર ઉકેલ અને ઉપાયનું સ્થાપન જ્ઞાની મહાપુરુષોએ અને શાસ્ત્રો રચયતાંએ કરેલું છે.**

**"અને"**

**આપણાં ધર્મનાં તત્વો અને સિધ્ધાંતોનું સ્થાપન અને ધારણ કરવાની સાધનાં – આરાધનાં અન્ય ધર્મીઓ (ન્યાયનાં નામે) કેવી રીતે કરાવી શકે "જૈનધર્મ" ન્યાયમાં નહીં પણ સમાધાનને વરેલો ધર્મ છે.** ન્યાયમાં એક જીવને સુખ ઉપજે બીજા જીવને દુ:ખ ઉપજે સમાધાનમાં બંને જીવને સુખ ઉપજે, દિગંબર સંપ્રદાય અને શ્વેતાંબર સંપ્રદાયનાં મતભેદ તત્વ સબંધી નથી "પણ" દ્રવ્ય સ્વરૂપી છે. જેમાં સાથે બેસીને સરળ – સ્વભાવથી સમાધાન સાધીને જૈનોની એકતાં સ્થાપીને જૈનોનું મહાન તિર્થ અને અનેક શ્રી તિર્થંકર પરમાત્માઓનું જન્મક્ષેત્ર – સાધનાં ક્ષેત્ર અને નિર્વાણ ક્ષેત્ર અને અનેકાંત કેવળી ભગવંતો થકી પાવન અને પવિત્ર થયેલી સમેતશિખર તિર્થની યાત્રા – અનુભવને અનુભવીને પાવનતાં પામે એવાં હેતું એ સમેતશિખર તિર્થે જૈન શ્રાવક એકલો પણ નિર્ભયતાંપૂર્વક પદવિહાર કરીને જઈ શકે એવી સંજોગ વ્યવસ્થા રાજ્યાશ્રયે કરાવવી એ "એજ" જૈનોની એકતાનું ફળ અને શ્રી તિર્થંકર પરમાત્મા થકી પાવન થયેલાં ક્ષેત્રમાંથી તેમનું યોગબળ પ્રાપ્ત કરીએ એજ જૈનકુળમાં જન્મ્યાનું સાર્થકપણું.

"વર્તમાન સમય અને ક્ષેત્રમાં" આપણને જૈન ધર્મના દરેક સંપ્રદાયોમાં જ્ઞાની – શાસ્ત્રોના જાણકાર – શાસ્ત્રોની સમાધાનકારી સમજણવાળા જ્ઞાનયોગી – ભાવયોગી – વિચારબળી અને શ્રી તિર્થંકર પરમાત્મામાં બળવાન શ્રધ્ધાધારી શ્રી આચાર્ય ભગવંતોનો યોગ પ્રાપ્ત થયો છે. નિષ્કામભાવે શાસનની અને સંઘની સેવાભક્તિ અર્થે જીવન સમર્પણ કરવાવાળા શ્રાવક શ્રેષ્ઠીઓ કે જેઓ તન-મન-ધન સહીત સંજોગની જાણકારી – સમજણની વિશાળતાં (નમ્રતાં સહિત) શક્તિ અને સામર્થ્યથી ભરેલાં શ્રેષ્ઠી અને ટ્રસ્ટીઓનો યોગ પ્રાપ્ત થયો છે. અને સંપૂર્ણ જૈન શ્રાવક – શ્રાવિકાઓ શ્રી આચાર્ય ભગવંતો અને સંઘ વ્યવસ્થાનાં શ્રેષ્ઠીઓની આજ્ઞાંકિતપણાંમાં રહેલાં છે; અને રાજ્ય શાસનનાં શાસનકર્તા સંપૂર્ણ ધર્મનિરપેક્ષ ભાવ સહિત સંપૂર્ણ સહયોગ આપવાવાળા અને આપવાની તત્પરતાંવાળા મળ્યા છે; તો પછી સર્વશ્રેષ્ઠપણું સ્થાપવાં માટે આનાથી વિશેષ કેવા સમય અને સંજોગની અનુકુળતાં જૈનોને અને જૈનધર્મ માટે જોવે ?

**મન મોટુંને ગણે તન ખોટું,**
**ખરા ઉતરે એ મારગમાં,**
**ગમે મારગને – નમે મહાવીરને,**
**ગમે જગતનાં સૌ જીવોને એ.**

આપણું અને આપણાં ધર્મનું સર્વશ્રેષ્ઠપણું આપણે જ (જૈનોએ જ) સ્થાપવાનું છે. એ કાર્ય આપણે આજે કરીએ – કાલે કરીએ કે પછી ગમે ત્યારે કરીએ કે કદાચ આપણે ન કરી શકીએ તો ભાવિ વારસદારોએ (ભાવિ પેઢીએ) કરવાનું છે; તો પછી આપણે શા માટે ન કરી શકીએ ? શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં શાસનનું અને તેમણે પ્રગટાવેલાં તત્વો અને સ્થાપેલાં સિધ્ધાંતોનું પુન: સ્થાપન કરીને બળવાન જ્ઞાન ભક્તિ સહિતનું નિષ્કામ ભાવે બળવાન પુન્ય ઉપાર્જન કરીને અલ્પભવોમાં મોક્ષગમનનાં અધિકારી બનવાનો યોગ પ્રાપ્ત થયો હોય તો શા માટે ગુમાવીને ટાળવો.

**આપણો સમય – શક્તિ – સામર્થ્ય– સમજણ – શ્રધ્ધા – ને ન્યાયનાં નામે વિવાદમાં જીવન વિતાવવું એનાં કરતાં વિનય – વિવેક – નમ્રતા – સહિત – સરળ સ્વભાવથી અને નિર્મળ બુધ્ધિથી સમાધાનને સાધ્ય કરવું એજ આપણો (જૈનોનો) જીવનમંત્ર – જીવનસુત્ર અને જીવન ધ્યેય એજ આત્મધર્મનું – આત્મકલ્યાણનું અને અન્ય જીવોનાં આત્મકલ્યાણમાં નિમિત્ત કારણ બનીએ એજ શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્રધ્ધા ભક્તિ – સેવા ભક્તિ અને જ્ઞાન ભક્તિનાં કારણમાં – કારણે આત્મકલ્યાણનાં કારણી બનીએ. અને શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની આજ્ઞા હ્દયમાં સ્થાપીએ – આજ્ઞા જીવનમાં ઉતારીએ અને આજ્ઞા પ્રમાણે જીવન – જીવીએ એવો સંકલ્પ કરીએ – એજ જન્મ જયંતિ – કલ્યાણકની ઉજવણી બને.**

**શુભા-શુભનાં આરંભની,**
**કરી પ્રકૃતિ ક્ષિણને – ક્ષય,**
**રહે શુધ્ધમાં – આપે શુધ્ધ,**
**કરે શુધ્ધને – સ્થાપે શુધ્ધ.**

**અને**

**૨૫૦૦ વર્ષોનાં આવરણોનો હાહાકાર ટળ્યો,**
**અને હવે જૈનો અને જૈનશાસન હાશકારો પામે,**
**ધિકકાર અને તિરસ્કારનો વિકાર વમે,**
**સદ્ગુરૂ-સંતો અને સમકિત દેવ-દેવીઓની**
**અમીદ્રષ્ટિની કરૂણાં ધોમધોકાર વરસે.**
**આત્મામાં આત્માનો જણકાર જાગે; "અને"**
**જગતમાં જૈનધર્મનો જય-જયકાર થાય.**
**પ્રભુ સ્મરણે આનંદ**
**અને આનંદીત સ્વભાવે પ્રભુ સ્મરણે – શરણે.**

આનંદ – આનંદ – આનંદ